**રે.દિ.કે.નં.૨૮/૨૦૧૫**

## :: આંક–પ હેઠળ હુકમ ::

(૧) આ કામે વાદીએ સંયુકત વડીલોપાર્જીત મીલકતનું વિજ્ઞાપન પાર્ટીશન તથા મીનપ્રોફીટ મળવા તથા કાયમી મનાઈહુકમ અને ડેકલેરેશન માટે હાલનો દાવો દાખલ કરેલ છે. તેમજ દાવો ચાલતા દરમ્યાન વાદીએ આંક–પ થી કામચલાઉ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. જેમાં દાવા અરજીના પેરા–૩ વાળી મીલકત પ્રતિવાદીઓ વેચાણ ગીરો, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરવા કે વેચાણ કરવા કે અન્ય કોઈને કબજો તબદીલ કરે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવો ચાલતા સુધી આપવા માટે માગણી કરેલ છે. તેમજ વાદગ્રસ્ત મીલકત હાલમાં પ્રતિવાદી નં.૨ ના કબજામાં હોય અને તેની ઉપજનિપજ લેતા હોય, પ્રતિવાદી નં.૨ ઉપજ નિપજનો હિસાબ દર વરસે કોર્ટમાં રજુ કરેલ તેવો કામચલાઉ મનાઈહુકમ દાવો ચાલતા દરમ્યાન આપવા માટે અરજ કરેલ છે.

(૨) વાદીની દાવા અરજીની વિગત જોઈએ તો પ્રતિવાદી નં.૧ તથા નં.૨ વાદીના ભાઈ થાય છે તેમજ પ્રતિવાદી નં.૩,૪,૫ વાદીના બહેનો થાય છે. આમ વાદી તથા પ્રતિવાદી પક્ષકારો ભાઈ–બહેન થાય છે. તેઓના પિતા રવજીભાઈ લવાભાઈ ઘીયાળ તા.૧૧/૫/૨૦૦૫ તથા માતા રંભાબેન રવજીભાઈ તા.૨૪/૧/૨૦૧૫ ના રોજ કુદરતી રીતે અવસાન પામેલ છે. દાવા અરજીના પેરા–૩ માં જણાવેલ છે કે, જામકંડોરણા તાલુકાના જામદાદર ગામે હકક પત્રક નોંધ નં.૩૫૨૫ થી સર્વે નં.૩૬૫ પૈકી ૨ ની હે.આ.ચો.મી.૦–૧૦–૦૦ જમીન તથા સર્વે નં.૪૦૩/૧ ની હે.આ.ચો.મી. ૧–૫૩–૭૮ વાળી જમીન ઉતરોતર રેવન્યુ રેકર્ડમાં વારસાઈ ધોરણે વાદી તથા પ્રતિવાદીના સંયુકત નામે ચાલે છે. આ બંને જમીનની ચતુરદિશા નીચે મુજબ છે.

<u>સર્વે નં.૩૬૫ પૈકી ૨ ની હે.આ.ચો.મી.૦–૧૦–૦૦ જમીનની ચતુરદિશા :–</u>

પુર્વે : વાદીની જમીન આવેલ છે.
પશ્ચિમે : વાદીની જમીન આવેલ છે.
ઉત્તરે : ડેમ આવેલ છે.
દક્ષિણે : વાદીની જમીન આવેલ છે.

<u>સર્વે નં.૪૦૩/૧ ની હે.આ.ચો.મી. ૧–૫૩–૭૮ વાળી જમીનની ચતુરદિશા :–</u>

પુર્વે : કડવાભાઈ પાંચાભાઈ રાબડીયાની સીમ જમીન આવેલ છે.

પશ્ચિમે : ગાડા મારગ આવેલ છે.
ઉત્તરે : ઘેલાભાઈ કાળાભાઈ રાજપરાની સીમ જમીન આવેલ છે.
દક્ષિણે : આંબાભાઈ જાદવભાઈ ઘાણેજાની બિનખેતીની જમીન આવેલ છે.

(૩) વાદીએ જણાવેલ છેકે, ઉપરોકત બંને મીલકત હિન્દુ સંયુકત કુટુંબની વડીલોપાર્જીત મીલકત છે જેથી વાદીને કાયદેસરનો હિસ્સો અને ભાગ મળે. દાવાવાળી જમીનનો માતાપિતાની હૈયાતીમાં પક્ષકારો વચ્ચે પંદર વરસ પહેલા મૌખિક વહેંચણી થયેલ. તે મુજબ માતાપિતાની હૈયાથી સુધી ખોરાકી પોષાકી માટે રાખવાની છે અને અવસાન બાદ બહેનોએ ભાગ જતો કરવાનો છે. તથા વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા નં.ર નો સરખો હિસ્સો–ભાગ પાડી કબજો અલગ કરી કબજા મુજબ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા અરસપરસ સંમતી આપવાની હતી. દાવાવાળી જમીનમાં પક્ષકારોના પિતાજી તેમની હૈયાતિ દરમિયાન ઉપજ નિપજ લેતા. ત્યારબાદ વાદી તથા પ્રતિવાદી નં.૧, ર ની સમજુતી મુજબ પ્રતિવાદી નં.ર જમીન વાવતા ખેડતા અને ઉપજનિપજ લેતા અને માતુશ્રીને ખોરાકી પોષાકી આપતા અને સાચવતા. પરંતુ માતુશ્રીના અવસાન બાદ દાવાવાળી જમીનમાં વાદીએ તેનો ભાગ માગેલ અને પ્રતિવાદીઓને વકીલશ્રી મારફત નોટીસ આપેલ. તેથી પ્રતિવાદી નં.ર નાએ ખોટા અને ઉડાવ જવાબ સાથે વાદીને સામી નોટીસ આપેલી અને વાદીના હિસ્સે આવતી જમીન ડુબાડવાનો ઈરાદો હોવાથી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. તે દાવો ચાલતા દરમ્યાન આંક–પ થી કામચલાઉ મનાઇહુકમ આપવાની માગણી કરેલ છે. વાદીના જણાવ્યાનુસાર, પોતાનો પ્રથમ દર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પોતાની તરફેણમાં છે. તેમજ હાલના તબકકે વચગાળાનો મનાઈહુકમ આપવામાં ન આવે તો પોતાને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે. કારણ કે દાવાવાળી સંયુકત જમીનમાં પ્રતિવાદી નં.ર વાદીને વાવેતર ખેડ કરી ઉપજ નિપજ લેતા અટકાવે છે તેથી વચગાળાનો મનાઈહુકમ પ્રતિવાદી વિરુધ્ધ આપવામાં ન આવે તો દાવાવાળી જમીનમાં પોતાનો હકક હિસ્સો ડુબી જાય તેમ છે.

(૪) આ કામે વાદી તરફે આંક–૪ થી દસ્તાવેજી પુરાવા યાદી રજુ થયેલ છે જે નીચે મુજબ છે :

માર્ક ૪/૧ : જામદાદર ગામની હકક પત્રક નોંધ નં.૧૯,
માર્ક ૪/ર : જામદાદર ગામની હકક પત્રક નોંધ નં.૬૬૬,
માર્ક ૪/૩ : જામદાદર ગામની હકક પત્રક નોંધ નં.૧૫૮૯,

માર્ક ૪/૪ : જામદાદર ગામની હકક પત્રક નોંધ નં.૩૫૨૫,
માર્ક ૪/૫ : સર્વે નં.૩૬૫ પૈકી ૨ અને સર્વે નં.૪૦૩/૧ નો ગામ નમુનો નં.૮–અ
માર્ક ૪/૬ : સર્વે નં.૪૦૩/૧ નો ગામ નમુનો નં.૭
માર્ક ૪/૭ : સર્વે નં.૩૬૫ પૈકી ૨ નો ગામ નમુનો નં.૭
માર્ક ૪/૮ : પ્રતિવાદીઓને વકીલ મારફત આપેલ નોટીસ.
માર્ક ૪/૯ થી ૪/૧૩ સુધી પ્રતિવાદી નં.૧ થી ૫ ને નોટીસ બજયાની એ.ડી.પાવતી
માર્ક ૪/૧૪ : વાદીની નોટીસનો પ્રતિવાદી નં.૨ નાએ વકીલ મારફપ આપેલ જવાબ
માર્ક ૪/૧૫ : પ્રતિવાદી નં.૨ ની પ્રતિનોટીસનો જવાબ
માર્ક ૪/૧૬ : પ્રતિવાદી નં.૨ ને નોટીસ બજયાની એ.ડી.પાવતી

(૫) આ કામે વાદીના દાવાનો પ્રતિવાદીઓને સમન્સ તથા નોટીસ બજતાં પ્રતિવાદીઓ તરફે પોત પોતાના વકીલશ્રી મારફત હાજર થઈને વાદીની દાવા અરજી તથા મનાઈહુકમની અરજીનો જવાબ રજુ રાખેલ છે. જેમાં પ્રતિવાદી નં.૨ તરફે આંક–૨૮ થી વાદીની દાવા અરજી તથા વચગાળાના મનાઈહુકમની અરજી સંદર્ભે જણાવેલ છેકે, વાદીનો દાવો ખરો, શુધ્ધબુધ્ધિપુર્વકનો અને કાયદેસરનો ન હોય દાવો રદ થવાનેપાત્ર છે. વાદીના દાવાને રેસજયુડીકેટા તથા એસ્ટોપલનો બાધ નડે છે. વધુમાં પ્રતિવાદી નં.૨ તરફે જણાવેલ છેકે, ખરી હકીકતે રવજીભાઈ લવાભાઈએ તેમની હૈયાતીમાં વાદી તથા પ્રતિવાદી નં.૧,૨ નાઓ વચ્ચે ભાયુભાગે જમીનની વહેંચણી કરેલ છે. ત્યારબાદ તા.૧/૫/૧૯૮૫ ના રોજ વીલથી તેમની તમામ સ્વપાર્જીત જમીન મીલકતની વ્યવસ્થા કરેલ છે. તેથી વીલમાં જણાવ્યા પ્રમાણે વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે હિસ્સા અને ભાગની વહેંચણી કરી આપેલ છે. જે મુજબ વાદી હરીભાઈને રે.સ.નં.૨૮૩ હેકટર : ૨–૦૧–૩૩, રે.સ.નં.૩૬૫ હેકટર: ૧–૨૩–૫૫, રે.સ.નં.૨૮૧ હેકટર: ૦–૬૦–૭૦ તથા રે.સ.નં.૩૬૪ પૈકી હેકટર: ૦–૮૦–૯૪ ની જમીન આપેલ છે. તેમજ પ્રતિવાદી નં.૧ અરજણભાઈને રે.સ.નં.૩૬૦ હેકટર : ૧–૬૧–૫૭, રે.સ.નં.૩૫૯ હેકટર : ૦–૫૮–૬૮ તથા રે.સ.નં.૩૬૭ પૈકી હેકટર : ૧–૪૫–૬૯ અને પ્રતિવાદી નં.૨ વલ્લભભાઈ એટલે કે પોતાને રે.સ.નં.૩૬૭ પૈકી હેકટર : ૩–૩૪–૮૮ તથા રે.સ.નં.૩૩૧ પૈકી હેકટર ૧–૯૩–૪૨ ની જમીનની વહેંચણી કરી ગયેલ છે. વાદગ્રસ્ત દાવાવાળી જમીન રે.સ.નં.૩૬૫ પૈકી ૨ હેકટર: ૦–૧૦–૦૦ માં વાદી તથા પ્રતિવાદીનં.૧ તથા નં.૨ નો મજમુ કુવો છે. બાકીની જમીનનો કબજો ભોગવટો વાદી હરીભાઈનો છે. તેમજ દાવાવાળી જમીન રે.સ.નં.૪૦૩/૧ હેકટર : ૧–૫૩–૭૮ વાળી જમીન તા.૧/૪/૧૯૮૫ના વીલથી માતાપિતાના મૃત્યુ બાદ વલ્લભભાઈને એટલે કે પ્ર

તિવાદી નં.ર નાને કુલ સ્વતંત્ર માલીક ઠરાવેલ છે. વધુમાં પ્રતિવાદી નં.ર નાએ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧,ર તથા વાદી ૩૦ વર્ષથી જુદા થયેલ છે. ત્યારથી માતાપિતાના ભરણપોષણ અને અંતિમક્રિયા સુધીની સઘળી જવાબદારી તેમજ પ્રતિવાદી નં.૩,૪,૫ ના મામેરા પણ પ્રતિવાદી નં.ર નાએ કરેલ છે. આમછતાં વાદીએ દાવા અરજીમાં માગેલ દાદ રદ થવાનેપાત્ર છે. વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદી નં.ર ની તરફેણમાં છે. તેથી દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો હુકમ વાદીને આપવામાં આવે તો પ્રતિવાદી નં.ર નાને ઈરીપેરેબલ લોસ જાય તેમ છે. આ તમામ સંજોગોમાં વાદીનો દાવો તથા વાદીની હાલની આંક-૫ ની અરજી ખર્ચ સહીત રદ કરવા જણાવેલ છે. વધુમાં વાદી પાસેથી સ્પે.કોસ્ટ અપાવવા અરજ કરેલ છે. તેમજ પ્રતિવાદી નં.ર તરફે આંક-૩ર ના લીસ્ટથી આધાર પુરાવા રજુ રાખેલ છે.

(૫.૧) જયારે પ્રતિવાદી નં.૧ તરફે આંક-૩૪ થી વાદીની દાવા અરજી તથા વચગાળાના મનાઈહુકમની અરજી સંદર્ભે જણાવેલ છે કે, વાદીની દાવાઅરજી તથા દરમ્યાન મનાઈહુકમની અરજીની પારા-૩ માં લખી હકીકત મુજબ, હકકપત્રક નોંધ નં.૩૫ર૪ થી સર્વે નં.૩૬૫ પૈકી ર તથા સર્વે નં.૪૦૩/૧ થી રવજીભાઈ લવાભાઈ ધીયાડ તથા રંભાબેન રવજીભાઈ ધીયાડના અવસાન પછી પક્ષકારોના નામે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ થયેલ છે અને સદરહું જમીન હિન્દુ સંયુકત વડીલોપાર્જીત મીલકત છે અને તેમાં પક્ષકારોને હિન્દુ લો - વારસાધારા મુજબ હિસ્સો અને ભાગ છે. તેમજ વાદીની દાવા તથા મનાઈ અરજી મુજબની દાદ મંજુર થાય તો તેઓને વાંધો કે તકરાર નથી. વધુમાં પ્રતિવાદી નં.૧ તરફે જણાવેલ છેકે, વાદીએ આપેલ નોટીસ મુજબ પોતે અમલવારી કરવા તૈયાર અને ખુશી હોવાથી વાદીની નોટીસનો જવાબ આપેલ નથી. તેમજ વાદીએ આપેલ નોટીસમાં વલ્લભભાઈ (એટલે કે પ્રતિવાદી નં.ર) નાએ જવાબ આપેલ તેમાં પણ વીલથી જમીન વલ્લભભાઈને મળેલ છે તેવું જણાવેલ નથી. પ્રતિવાદી નં.ર નાએ જે વીલ રજુ કરેલ છે તે વીલ બોગસ, બનાવટી અને ઉભુ કરેલ છે. પિતાશ્રીએ તા.૧/૫/૧૯૮૫ ના રોજ કોઈ વીલ કરેલ નથી, વળી તેઓ અભણ હતા અને તેને સહી કરતા આવડતુ નથી અને સહી કરતા કયારેય જોયા પણ નથી. દાવાવાળી જમીન વલ્લભભાઈને વીલથી આપેલનથી અને વીલ મુજબ કોઈ જમીનના ભાગ પાડેલ નથી. તેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી અન્વયે કાયદા મુજબનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫.૨) પ્રતિવાદી નં.૩ તરફે આંક–૩૭ થી વાદીની દાવાઅરજી તથા વચગાળાના મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ રાખેલ છે. જેમાં જણાવેલ છેકે, પક્ષકારોના પિતાશ્રીએ હયાતિમાં જ વાદી તથા પ્રતિવાદી નં.૧,૨ નાને તેમની ભાયુભાગની જમીનની વહેંચણી કરી આપેલ છે. તેમજ તા.૧/૫/૧૯૮૫ ના રોજથી વીલથી તમામ સ્વપાર્જીત મીલકતની વહેચણી કરી આપેલ છે. તેથી વાદી અને પ્રતિવાદીઓને વડીલોપાર્જીત હિન્દુ સંયુકત કુટુંબની માલીકીની મજીયારી મીલકતનો પ્રશ્ન જ થતો નથી. વળી ગુજ. માતાપિતાની ભરણપોષણની તમામ જવાબદારી જીવનપર્યંત પ્રતિવાદી નં.૨ નાએ ઉપાડેલ છે. તેથી વાદીએ માગેલ તમામ દાદ રદ કરવા જણાવેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૩ તરફે જણાવેલ છેકે, વાદી પ્રતિવાદી નં.૨ ના માલીકી કબજા ભોગવટામાં હરકત અડચણ કરી રહેલ છે. તેથી વાદીને નહી પરંતુ પ્રતિવાદી નં.૨ નાને નાણામાં ન ભરી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જો વચગાળાનો મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૨ ના કાયદેસરના માલીકી કબજા ભોગવટાના હકકો ઝુંટવાઈ જાય તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છે. તેથી વાદીની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. વધુમાં પ્ર તિવાદી નં.૩ નાએ જણાવેલ છેકે, પોતાનો હકક હિસ્સો અધિકાર આ મીલકત પરતવે જતો કરે છે. તેમજ પ્રતિવાદી નં.૩ તરફે આંક–૩૯ ના લીસ્ટથી દસ્તાવેજી આધાર રજુ રાખેલ છે.

(૫.૩) પ્રતિવાદી નં.૪ તથા નં.૫ તરફે આંક–૪૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ રાખેલ છે. જેમાં જણાવેલ છેકે, જામદાદર ગામ હકકપત્રક નોંધ નં.૩૫૨૫ થી સર્વે નં.૩૨૫ પૈકી ૨ હેકટર:૦–૧૦–૦૦ તથા સર્વે નં.૪૦૩/૧ હેકટર :૧–૫૩–૭૮ વાળી જમીનની ચતુરદિશા ખરી છે, વડીલોપાર્જીત જમીન છે અને તેમાં વાદીનો હકક સમાયેલ હોવાની હકીકત ખરી છે. વધુમાં જણાવેલ છેકે, મૌખિક વહેંચણી મુજબ પંદર વરસ પહેલા તેમનો ભાગ જતો કરેલ છે. વાદી તથા પ્રતિવાદી નં.૧,૨ નો સરખો હિસ્સો–ભાગ પાડી, કબજો અલગ કરી કબજા મુજબ રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા અરસ પરસ સંમતી આપી તેવી ઘરમેળે સમજુતી થયેલી. આ જમીન માતાપિતાની હૈયાથી સુધી પ્ર તિવાદી નં.૨ તેમને સાચવતા અને દાવાવાળી જમીન વાવતા ખેડતા અને ઉપજનિપજ લેતા. વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીની વિગત ખરી હોવાનું જણાવેલ છે અને વાદીની દાદ મુજબનું હુકમનામું કરી આપવામાં આવે તો તેમને કોઈ વાંધો કે તકરાર નથી.

(૬) આ કામે વાદી તરફે આંક –૪૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ રાખેલ છે તેમજ આંક–૫૪ થી વાદી તરફે લેખીત દલીલો રજુ રાખેલ છે. તથા આંક–૫૫ થી પ્રતિવાદી નં.૧ , ૪ તથા ૫ તરફે લેખીત દલીલો રજુ થયેલ છે. જે તમામ દલીલો વંચાણે લીધી. તેમજ વાદી તરફે મૈખીક દલીલ ઘ્યાને લીધેલ છે તથા પ્રતિવાદી નં –૨ તથા પ્રતિવાદી નં – ૩ નો દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

(૭) હાલની કામચલાઉ મનાઈહુકમ માટેની અરજીના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?
(૨) શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?
(૩) શું માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ નહિ આપવામાં આવે તો વાદીને નાણાંમાં પણ વળતર ન મળી શકે તેવું નુકશાન જાય તેમ છે ?
(૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ ત્રછે.

(૧) મુદ્દા નં.૧ : અશત: હકારમાં.
(૨) મુદ્દા નં.૨ : અશત: હકારમાં.
(૩) મુદ્દા નં.૩ : અશત: હકારમાં.
(૪) મુદ્દા નં.૪ : આખરી હુકમ મુજબ

.

## :: નિર્ણય માટેના કારણો ::

(૯) હાલના કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંલગ્ન હોય, પુનરાવર્તન ન થાય તે માટે મુદ્દા નં.૧ થી ૩ ના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

**મુદ્દા નં.૧ થી ૩ માટેના કારણો :–**

(૧૦) આ કામે વાદીના કથન મુજબ રે.સર્વે નં – ૩૬૫ પૈકી ૨ હે.આર.એ ૦–૧૦–૦૦ તથા રે.સર્વે નં – ૪૦૩ /૧ હે.આર.એ ૧–૫૩–૭૮ વાળી જમીન વડીલો પાર્જિત હિન્દુ સયુકત કુટુંબની મિલકત છે વાદી હકપત્રક નોંધ નં – ૩૫૨૫ થી વખતો વખત રેવન્યુ રેકર્ડમાં વારસાઈ ધોરણે વાદીના નામે ચાલ છે તેમ વાદી જણાવે છે વધુમાં,આ જમીન માતાપિતાની હયાતીમાં પક્ષકારો વચ્ચે આશરે પંદર વર્ષ પેહલાં મૈખીક વેંહચણી થયેલ તે મુજબ માતા પિતાની હૈયાતી સુધી ખોરાકી પૈષાકી માટે રાખવાની છે અને અવસાન બાદ

બહેનોએ ભાગ જતો કરી વાદી તથા પ્રતિવાદી નં – ૧ અને ૨ નાએ ભાગ પાડી કબજો અલગ કરી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા સંમતી આપવાની છે તેમ વાદી જણાવે છે આ સંબધે વાદી તરફે માર્ક – ૪/૧ થી હક પત્રક નોંધ નં – ૧૮ રજુ થયેલ છે તેમાં રે.સર્વે નં–૨૮૩,૩૬૦,૩૬૭,૪૦૩ સંબધે છે તેમાં મુળ ખાતેદાર પા.રવજી લવા છે પ્રત્યક્ષ કબજો તેનો હોઈ તેનુ નામ દાખલ કર્યે તેવી નોંધ છે.તથા માર્ક – ૪/૨ થી હકપત્રક નોંધ નં – ૬૬૬ રે.સર્વે નં– ૨૮૩,૩૬૦,૩૬૫,૪૦૩/૧ મુળ ખાતેદાર પા.રવજી લવા છે પ્રત્યક્ષ કબજો તેનો હોઈ તેનુ નામ દાખલ કર્યે તેવી નોંધ છે. તથા માર્ક ૪/૩ થી – ૧૫૮૯ ની રે.સર્વે નં–૩૬૫,૩૬૭ સંબધે થયેલ છે. આમ હાલની નોંધ ધ્યાને લેતાં વાદીના પિતાના નામે હાલની જમીન ચાલતી હતી અને ત્યાર બાદ હકપત્રક નોંધ નં – ૩૫૨૫ તા.૫–૩–૨૦૧૫ ના રોજ તેમના પિતાના અવસાન બાદ વાદીઓ અને પ્રતિવાદીના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ તેવુ પ્રથમ દર્શનીય જણાય છે. આથી દાવાવાળા જમીન વાદીના દાદાના નામે ચાલતી હોય ત્યાર બાદ વાદીના પિતાના નામે આવેલ હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાતુ નથી.

(૧૧) જયારે પ્રતિવાદીનં – ૨,૩ના કથન મુજબ દાવાવાળી રે.સર્વે નં – ૩૬૫ પૈકી ૨ હે.આર.એ ૦–૧૦–૦૦ તથા રે.સર્વે નં – ૪૦૩ /૧ હે.આર.એ ૧–૫૩–૭૮ વાળી જમીન વાદી અને પ્રતિવાદીના પિતા રવજીભાઈ લવાભાઈ ધીચાડની સ્વપાર્જિત મિલકત છે તેમ જણાવે છે રેવન્યુ રેકર્ડ જોતાં પ્રથમ દર્શનીય રીતે રવજીભાઈના ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ચાલતી હતી પંરતુ આ મિલકત સ્વપાર્જિત છે તેમ જણાવે છે ત્યારે આ મિલકત રવજીભાઈ લવજીભાઈ આ મિકલત કોની પાસે થી અને કઈ રીતે પ્રાપ્ત થયેલ તે અંગ કોઈ દસ્તાવેજી આધાર પ્રતિવાદી નં – ૨,૩ તરફે રજુ થયેલ નથી.

(૧૨) આ કામે વાદી તરફે રજુઆત છે કે હાલની દાવાવાળી જીમીન વાદી અને પ્રતિવાદીના માતા –પિતા મરણ થયા બાદ વાદી તથા પ્રતિવાદી નં – ૧,૨ નાએ વેંહચણી કરી લેવાની છે અને વાદી અને પ્રતિવાદી નં – ૧,૨ ની બહેનો પ્રતિવાદી નં– ૩,૪,૫ નાએ દાવાવાળી જમીનમાંથી હક જતો કરવાનો છે તેમ નકકી થયેલાનુ જણાવે છે અને પ્રતિવાદી નં –૧,૪,૫ વાદીની હકીકતને સમર્થન આપેલ છે જયારે પ્રતિવાદી નં– ૨,૩ ના જણાવ્યા મુજબ ભાઈઓ ભાગે વેહચણી કરેલ અને તા.૧/૦૫/૧૯૮૫ માં વીલ થી તમામ મિલકત અને જમીનની રવજીભાઈ લવજીભાઈનાએ વ્યવસ્થા કરેલ છે. અને પ્રતિવાદી નં – ૨,૩ તેમના આંક –

૨૮ અને ૩૭ ના જવાબામાં જણાવે છે કે, રે.સર્વે નં – ૩૬૫ પૈકી ૨ ની જમીનો કબજો હાલમાં વાદીની પાસે છે અને રે.સર્વે નં– ૪૦૩/૧ વાળી જમીનો કબજો પ્રતિવાદી નં –૨ પાસે છે અને તે વર્ષા થી હતો અને તેમના પિતા મરણ થયા બાદ વિલ થી પ્રાપ્ત થયેલાનુ જણાવે છે. પ્રતિવાદી નં – ૨ જણાવે છે કે તેમના માતા પિતાની સેવા ચાકરી અને બીમારી તથા પ્રતિવાદીના બહેનોના સામાજીક ખર્ચા તેઓ કરેલા છે તેમ તેમના જવાબમાં જણાવે છે જયારે વાદીના કથન મુજબ દાવાવાળી જમીનનો કબજો હાલમાં પ્રતિવાદી પાસે હોઈ તેમની પાસે હીસાબ રજુ કરવા જણાવે છે વાદીની દલીલ મુબજ સને ૧૯૮૫ માં કોમ્યુટર રાઈઝ લખાણ થતા નહી અને પ્રતિવાદી નં – ૩ નાએ તેમની નોટીસમાં પણ આ વીલનો ઉલ્લેખ કરેલ નથી આથી આથી હાલનુ વીલ પ્રતિવાદી નં– ૨,૩ ખોટુ ઉભુ કરેલ છે અને આજ દિન સુધી પ્રતિવાદીએ પ્રોબેટ મેળવેલ નથી તેમ જણાવે છે. હાલના તબકકે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ દાવાવાળી જમીનના કબજા સંબધે ઉપરોકત હકીકતો હાલના પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે નહી પરંતુ દાવાવાળી રે.સર્વે નં – રે.સર્વે નં – ૩૬૫ પૈકી ૨ ની જમીનો અને રે.સર્વે નં– ૪૦૩/૧ વાળી જમીન હકપત્રક નોંધ નં– ૩૫૨૫ થી વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ સયુકત રીતે ચાલે છે અને ૭ અને ૧૨ માં હાલમાં વાદી અને પ્રતિવાદીના નામે ચાલ છે તે ધ્યાને લતાં, વાદીનો અશત: પ્રથમ દર્શનીય કેસ જણાય છે અને વાદ વાળી જમીન હાલના પ્રતિવાદી નં – ૨,૩ નાઓ વેચાણ, બક્ષીસ અને અન્ય રીતે નિકાલ કરી નાંખેતો વાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય આથી લેણ દેણની સમતુલા અને અને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તે મુદ્રો અશત: વાદીની તરફેણમાં છે આથી અને વધુમાં દાવાવાળી જમીનમાં જો વાદી વેચાણ કરેતો નવીન હકો ઉભો થાય અને નવા દાવા – દુવી ઉભી થાય હાલના તબકકે દાવા વાળી મિલકતની યથાવત પરિસ્થતી જાળવવી યોગ્ય જણાય છે આથી મુદાનં – ૧ થી ૩ નો અશત: હકારમાં જવાબ આપી મુદા નં – ૪ સંબધે ન્યાયના હિતમાં વાદવાળી જમીન સંબધે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) વાદીઓની આંક–૫ ની મનાઈ હુકમની અરજી અશત: મંજુર કરવામાં આવે છે.

(૨) દાવાના બંન્ને પક્ષકારોએ જામકંડોરણા તાલુકાની મોજે જામદાદર મુકામે આવેલ રે.સર્વે નં – ૩૬૫ પૈકી ૨ હે.આર.એ ૦–૧૦–૦૦ તથા રે.સર્વે નં – ૪૦૩/૧ હે.આરે.એ ૧–૫૩–૭૮ વાળી ખેતીની જમીન વેચાણ, બક્ષીસ કે અન્ય

રીતે નિકાલ કરવો નહી તે પ્રકારે બન્ને પક્ષકારોએ યથાવત પરસ્થિત દાવાનો આખરી નીકાલ ન થાય ત્યાં સુધી જાળવી રાખવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૩૧/૦૧/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૩૧/૦૧/૨૦૧૮

(નરેશકુમાર રામજીભાઈ પટેલ)
પિન્સીપાલ સિવીલ જજ
જામકંડોરણા.